સ્મૃતિપત્ર -૧

ક્રમાંક:રાપબો/પ્રા.મા.શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૧/૨૦૨૨/3277-3355

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુ.રા,
સરકારી પુસ્તકાલયની સામે,
સેક્ટર-૨૧,ગાંધીનગર.
તા:૨૦/૦૪/૨૦૨૨

પ્રતિ,
તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તથા
તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
તમામ શાસનાધિકારીશ્રી

વિષય:-પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા- ૨૦૨૧ માટે વર્ષ-૨૦૨૧-૨૨ની શિષ્યવૃત્તિ ચૂકવણા બાબત.

સંદર્ભ:-અત્રેની કચેરીના તા.૧૨/૦૪/૨૦૨૨ના પત્રાંક:રાપબો/પ્રા.મા.શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૧/૨૦૨૨/૩૦૦૬-૩૦૯૦

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ-૧ના જાહેરનામાથી અને સંદર્ભ-૨ના પરિપત્રથી રાજય પરીક્ષા બોર્ડ દ્વારા વર્ષ-૨૦૨૧ માટે ધોરણ-૬માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા અને ધોરણ-૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા તા:૨૬/૦૨/૨૦૨૨ના રોજ લેવામાં આવેલ હતી. જેનું પરિણામ સંદર્ભ-૩ના જાહેરનામાથી તા.૧૧/૦૪/૨૦૨૨ના રોજ પ્રસિધ્ધ કરેલ છે.

અત્રેની કચેરીના સંદર્ભના પત્રથી ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરી દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અંગેના આદેશ તેમજ રાજય પરીક્ષા બોર્ડ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ મેરીટયાદીને ધ્યાને લઈ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૧માં મેરીટમાં આવનાર વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા અંગેની કામગીરી સમયસર પૂર્ણ કરવા જણાવવામાં આવેલ છે.

કેટલાક જિલ્લાઓમાંથી શિષ્યવૃત્તિ ના મળ્યા અંગેની ફરિયાદો અત્રેની કચેરીમાં મળી રહેલ છે. આથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ અને તમામ પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓને જણાવવાનું કે આપના તાબા હેઠળની શાળાઓના મેરીટમાં આવનાર લાભાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાની કામગીરી પડતર હોય કે બાકી હોય તો તે સત્વરે પૂર્ણ કરવાનું જણાવવામાં આવે છે.

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ સારૂ :-

(૧) માન.સચિવશ્રી(પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ),શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) નિયામકશ્રી,પ્રાથમિક નિયામકની કચેરી,બ્લોક નં:૧૨/૧,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૩) નાયબ નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરી,બ્લોક નં:૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.



Scanned by CamScanner

Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૨/વશી.૪૬/૫૭૬૪

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.૨૨/૦૪/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્ય. અને ઉચ્ચ.માધ્યમિક શાળાઓ
સુરત. જિ.સુરત

સામેલ તા.૨૦/૦૪/૨૦૨૨નાં પત્ર અન્વયે આપની કક્ષાએથી નિયમાનુસારની કાર્યવાહી કરવા સારું..

(એચ.એચ.રાજ્યગુરુ)
જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત